# ૧.૧ જૈન ધર્મની પ્રાચીનતા અને ઉપયોગિતા

જગતના દરેક ધર્મનો પોતાનો એક આગવો ઈતિહાસ હોય છે, ઐતિહાસિક સત્યો, તે કાળ–ક્ષેત્ર–પ્રદેશના માનવસમૂહની નીતિ–રીતિ–સંસ્કૃતિ, શિક્ષણ, વિચારધારા વગેરે અનેક પરિબળોનું દિગ્દર્શન કરાવે છે. હિન્દુ–બૌદ્ધ–ઈસ્લામી–ખ્રીસ્તી વગેરે ધર્મો કરતાં પણ પ્રભુઋષભદેવ સુધી ધર્મ પરંપરાનો છેડો આગળ જાય છે. સમગ્ર ભારત અને પૂર્વના પ્રદેશો સુધી તેની મૌલિક અને સ્વતંત્ર વિચારધારી માનવજગતને ઉપયોગી રહેલી છે. અનેક તટસ્થ વિદ્વાનો એ પોતાના સંશોધનોમાં જૈન ધર્મની સ્વતંત્ર પ્રાચીન ધારા અંગે વિચારો વ્યક્ત કર્યા છે.

મૈગસ્થનીજ ટોલમી વગેરેના વિવરણોથી એ સ્પષ્ટ થાય છે કે બ્રહ્મા આર્યોના આગમ પૂર્વે ભારતના મૂળ વતનીઓ શ્રમણ ધર્માનુયાયી હતા. પ્રો. ફર્લાંગે પોતાની પુસ્તક 'Shortstudies In the Science Of Comparitive Relegion Pg. 243-44' માં સ્પષ્ટ ઉલ્લેખેલ છે કે "There was also existing throughout upper Indian an ancient and highly organised religion, Philosophical, ethical and severaly ascetical viz Janism. Out of which clearly developed teh early ascetical features of Vrahamanism and Buddhism." અતિ પ્રાચીનકાળથી ભારતના ઉત્તર ક્ષેત્રમાં એક મોટો સુવ્યવસ્થિત ધર્મ વિધમાન હતો. જેમાં ઉચ્ચ શ્રેણીના તત્ત્વજ્ઞાન, નીતિ અને અતિ ઉગ્ર તપશ્ચર્યાના સમર્થન કરવાવાળા હતા, એનું જ નામ જૈન ધર્મ છે, તથા તેનાથી જ આગળ ચાલીને બ્રાહ્મણ અને બૌદ્ધધર્મનો અધ્યાત્મવાદ સ્પષ્ટરૂપથી પ્રાપ્ત થયેલ છે.

કોઈપણ સંસ્કૃતિ અને ધર્મનો મૂળ સ્રોત એક હોય છે. પણ પૂર્વગ્રહથી યુક્ત ઈતિહાસકારોને પોતાનાથી પૂર્વ ઈતિહાસકારોના અનુકરણ કરતા લખે છે કે પ્રારંભથી જ બે સંસ્કૃતિઓ ચાલી આવે છે **આર્હત્ અને બાર્હત્**. એક સાથે બે સંસ્કૃતિઓનો જન્મ નથી થતો પણ મૂળ સંસ્કૃતિ તો એક જ હોય છે. એનાથી જ અલગ પડીને બીજી સંસ્કૃતિઓનો જન્મ થાય છે. આ બાર્હત્ વૈદિકસંસ્કૃતિનો જન્મ, અર્હત્ ઋષભદેવ જે આર્હત્ સંસ્કૃતિના સંસ્થાપક હતા એમના પૌત્ર મરિચિ તથા એમના શિષ્ય કપિલ દ્વારા થયો હતો. પ્રાગ્વૈદિકકાળમાં તે શ્રમણસંસ્કૃતિથી અર્હત્ના નામથી પ્રસિદ્ધ હતી. જૈનોના પ્રસિદ્ધ નવકાર મંત્રના સર્વપ્રથમ અર્હતોને જ નમસ્કાર કરવામાં આવે છે. અર્હત્પરંપરાનીપુષ્ટિ શ્રીમદ્ ભાગવત, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, સ્કન્ધપુરાણ અને શિવપુરાણ વગેરે ગ્રંથોમાં પણ થયેલી છે. એમાં જૈન ધર્મની ઉત્પત્તિના વિષયમાં અનેક ઉપાખ્યાન પણ છે. એટલે કે આર્હત્ ધર્મ જે પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે તે જ વેદોમાં, ઉપનિષદમાં મહાભારત તથા પુરાણ સાહિત્યમાં કંઈક પરિવર્તનની સાથે સ્પષ્ટરૂપમાં દેખાય છે. એનું કારણ બ્રહ્મઆર્યો પર શ્રમણ સંસ્કૃતિનો પ્રભાવ પડ્યો હતો કારણ કે જે એમાંથી જ અલગ પડેલ છે અને જેનો પ્રભાવ આપણને એમના સાહિત્યમાં જોવા મળે છે. વળી વૈદિકગ્રંથયોગવશિષ્ટના વૈરાગ્યપ્રકરણ ૧૬/૮માં રામને પણ શાંતિ પ્રાપ્તિ માટે જિનેન્દ્રની આત્મસાધનાનુ અનુકરણ કરવાની ભાવના પ્રગટ કરતું વર્ણન કરેલ છે.

**"નાહં રામો ન મે વાંછા, ભાવેષુ ચ ન મે મન, શાન્તિમાસિતુમિચ્છામિ, વાત્મનીય જિનો યથા"**

અર્હત્ શબ્દનું વર્ણન આપણને ઋગ્વેદમાં પણ મળે છે. જેમાં સ્પષ્ટ છે કે ઋગ્વેદ રચનાકાળમાં પૂર્વ ભારતમાં અર્હતોનો જ પ્રભાવ હતો. પ્રાચ્ય વિદ્યાઓને વિશ્વ વિખ્યાત અનુસન્ધાતા ડો. હર્મનયાકોબીએ પોતાના પુસ્તક માં નવમાં પાના પર સ્પષ્ટ લખેલ છે કે "પાર્શ્વનાથ જૈન ધર્મના સંસ્થાપક હતા પણ, એનું કોઈ પ્રમાણ (પુરાવો) મળતો નથી. જૈનપરંપરા ઋષભદેવથી જ (પોતાના) ધર્મનો ઉદ્ભવ થયાનું માને છે." વૈદિક સાહિત્યની અંતર્ગત ઋગ્વેદમાં જે ઋષભદેવનુ વર્ણન મળેલ છે તેજ જૈન ધર્મના પ્રથમ ઋષભદેવ તીર્થંકર છે. ઋષભદેવ બ્રાહ્મણધર્મ અને શ્રમણધર્મના સમન્વય બિન્દુના રુપમાં માન્ય છે. શ્રી ઋષભદેવ સિવાય બીજા પણ તીર્થંકરોનું વર્ણન પણ વૈદિક સાહિત્યમાં મળે છે. 'We also learn from the Bhagwat

**Purana that the Tirthankar Sumati followed the path of Rusabha "- B. R. Kundu (J. J. 1981 Pg- 67)**

ભારતીય સંસ્કૃતિના આદિ સ્રોતને જાણવા માટે પ્રાચીનતમ સાહિત્ય સ્રોતના રૂપમાં વેદ તથા પ્રાચીનતમ પુરાતત્ત્વીય સ્રોતના રૂપમાં મોહન્જોદરો અને હડપ્પાના અવશેષો જ આપણા વર્તમાન આધાર છે. આ સંયોગ જ છે કે આ બન્ને આધારોમાં અને સાક્ષીઓમાં શ્રમણાધારાના અતિ પ્રાચીનકાળમાં પણ ઉપસ્થિત હોવાના અવશેષો મળેલ છે. વૈદિક સાહિત્યના પહેલા મોહન્જોદરો અને હડપ્પાના ઉત્ખનનથી પ્રાપ્ત વૃષભ યુક્ત ધ્યાન મુદ્રામાં યોગિઓની મુદ્રા આ વાતના તથ્ય પ્રમાણ છે કે ઋગ્વેદના રચનાકાળ પહેલા પણ ભારતમાં શ્રમણનું અસ્તિત્વ જ નહિ પરંતુ એક માત્ર પ્રમુખ ધર્મધારા હતી.

સિંધુ ઘાટીની સભ્યતામાં કોઈ પણ વૈદિક ધર્મના અવશેષ પ્રાપ્ત નથી થતા. એટલે આર્હત્ પરંપરા જ આદિ પરંપરા છે. **"The religion of the Jinas can be traced before the advent of the vedic Aryans to the Pre historic period in India. The First of these Jinas was Rusabha who bull insignia if found in Indus valley civilization."** ભગવાન ઋષભદેવે જ્યાં કર્મયુગનો પાયો નાંખ્યો તેજ ધર્મયુગની આધારશિલા હતી. તે વિશ્વરચનાના આદ્ય પ્રચારક સિદ્ધ થાય. વેદોમાં ઋષભ શબ્દ ભિન્ન અર્થોમાં પ્રયુક્ત થયો છે. રુદ્ર, શિવ, મેઘ, બળદ, પાડો અને અગ્નિના રૂપમાં ઉલ્લેખ છે એ બધા નામ ઋષભદેવના પર્યાયવાચી છે. ઋગ્વેદમાં બે જગ્યાએ ઋષભદેવનો આરાધ્યરૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. જૈનાગમોમાં ઋષભદેવ ને આ અવસર્પિણીકાળમાં ધર્મના આદિ પ્રવર્તક કહેવામાં આવે છે તો બીજી બાજુ ભાગવતમાં ઋષભદેવને અવતાર માનીને તેમના ઉદ્દેશને વાતરશના (વાયુને ખાનારા) શ્રમણ ઋષિઓના ધર્મને પ્રગટ કરવાવાળા મનાય છે. શ્રી રામધારીસિંહજી દિનકરે પોતાની પુસ્તક 'સંસ્કૃતિના ચાર અધ્યાય'માં લખેલ છે કે 'આ માનવું યુક્તિ યુક્ત છે કે શ્રમણ સંસ્થા ભારતમાં આર્યોના આગમનથી પણ પહેલા વિદ્યમાન હતી.' પાતંજિલ જે બ્રહ્મ આર્ય હતા એમણે પણ લખેલ છે કે પૌરાણિકધર્મ, આગમ અને નિગમ પર આધારિત મનાય છે. નિગમ વૈદિક પ્રધાન છે અને આગમ પ્રાગવૈદિકકાળ થી ચાલ્યો આવતો વૈદિકેતર પરંપરાનો વાચક છે.

આદિ તીર્થંકર ઋષભદેવ માત્ર ભારતીય ઉપાસ્ય દેવ નહી પણ ભારતની બહાર પણ તેમના પ્રભાવ જોવા મળે છે. વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ શ્રમણ સંસ્કૃતિ, અર્હતોની ઉપાસક હતી અને આ એટલી જ પ્રાચીન છે જેટલી કે આત્મવિદ્યા ક્ષત્રિય પરંપરાની રહી છે. પુરાણો અનુસાર ક્ષત્રિયોના પૂર્વજ ઋષભદેવ છે. બ્રાહ્મણ પુરાણ ૨:૧૪ના પાર્થિવ શ્રેષ્ઠ ઋષભદેવને બધા ક્ષત્રિયોના પૂર્વજ તરીકે કહેલ છે. મહાભારતના શાન્તિ પર્વમાં પણ લખેલ છે કે ક્ષાત્રધર્મ ભગવાન આદિનાથથી શરૂ થયેલ છે બાકીના ધર્મ તેના પછી પ્રચલિત થયેલ છે. આટલી ઉચ્ચ શ્રેણીના ક્ષત્રિય ચરિત્રના ઉદાહરણ અન્યત્ર ક્યાંય દેખાતા નથી એનું એક માત્ર કારણ શ્રમણ સંસ્કૃતિ નો પ્રભાવ છે. આર્યોએ આ ભારતની પ્રાચીન શ્રમણ પરંપરાથી જ શીખેલ છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવના પિતા નાભિરાજા ચૌદકુલકરોમાં અંતિમકુલકર હતા એમનો સમય સંક્રાન્તિકાળ હતો. એ સમય ભોગ ભૂમિ હતી. નાભિરાજાના નામ પર જ આ ક્ષેત્રનું નામ નાભિખંડ અથવા અજનાથવર્ષ જ આગળ જતા નાભિના પૌત્ર અને ઋષભદેવના પુત્ર ચક્રવર્તી 'ભરત' આ નામ થી ભારતવર્ષ પડ્યું છે.

નાભિ અને ઋષભદેવનો પ્રભાવ સમસ્ત મધ્ય-પૂર્વ-એશિયા, યુનાન, મિસર, ફિનિશિયામાં હતો. ફિનિશિયાના લોકોનો ભારત સાથે પ્રાગૈતિહાસિકકાળથી જ સાંસ્કૃતિક અને વ્યાપારિક સંપર્ક હતો. ફિનિશિયાના લોકોમાં માત્ર ઋષભદેવ જ નહી પણ બીજા પણ તીર્થંકરો પણ પૂજનીય હતાં. ઈતિહાસકાર હેરેને મિસર અને ફિનિશિયનોના સંબંધોને માનતા લખે છે કે, **"The Gods Anat and Reschuf seems to have reached the phoenecians from north Syria at a very early period, So far indeed, it is only cetain that**

they were worshipped by the phoenecians coonists on cyprus- Portraits of these deities are displayed on the monument of the Egyptians, who has appropriates them during there intercourse with syria. The circumstance tha the Egyptians were fond of representing both deities with town goddess of Kadesh on the Orontes point to Reschuf as well as Aanat having been received into the phoenicians system of Gods from the pantheon of the northen protion of Syria. From the closing sentence of the treaty which Ramses II concluded with the Kheta (Hittites) it even seems that Anat were worshipped in many towns in the Hitties Kingdom" (History of Phoenicia Pg - 270).

સીરીયાનું નગર રષાફા તથા બેબીલોનના ઈસબેકજુર નગર 'ઋષભ' શબ્દના અપભ્રંશ છે. રેશેભ ચલ્ડિયન દેવતા નાબૂ તથા મૂરી (મરૂદેવી)ના પુત્ર માનવામાં આવે છે. અસીરિયન Godess Mylithaનું વર્ણન મળે છે, જેમાં ૧૯માં તીર્થંકર શ્રી મલ્લિનાથની સામ્યતા ધરાવે છે. જૈનોના એક વર્ગની માન્યતા છે કે તીર્થંકર શ્રી મલ્લિનાથ પ્રભુને સ્ત્રી સ્વરૂપમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલ છે. શ્રી સુમતિનાથ, શ્રી અરનાથ, શ્રી અનન્તનાથ વગેરે તીર્થંકરો અસુર હતા. મિસર, સીરીયા, બેબીલોન વગેરેમાં એમની ઉપાસના પ્રચલિત હતી તથા તે ક્ષેત્ર વૃષભ સંસ્કૃતિના કેન્દ્ર હતા.

Times of India (1935) માં છપાયેલ એક લેખમાં એક તામ્રપત્રની શોધનું વિવરણ છે. જેને ડો. પ્રાણનાથે વાંચીને એ કહ્યુ હતું કે બેબીલોનના રાજા નેબુચન્દ્રનેઝારે રેવત પર્વત (ગિરનાર) પર નેમિનાથના જિનમંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. પણ આ વાત પર આજ સુધી વિદ્વાનોએ કોઈ ધ્યાન આપ્યું નથી.

જૈન સાહિત્યમાં અનાર્ય ભૂમિના 'આર્દ્રકુમાર'નું વર્ણન આવે છે જેમણે શ્રેણિકપુત્ર અભયકુમારની પ્રેરણાથી પ્રતિબોધ મેળવીને ભગવાન મહાવીર પાસેથી દીક્ષા લીધી હતી. પ્રશ્ન એ ઉભો થાય છે કે આ આર્દ્ર દેશ ક્યાં હશે? મૈસોપોટામિયાના ત્રણ ભાગ હતા. અસીરીયા કે અસુર, કીશ અને દક્ષિણ ભાગ જેની રાજધાની એર્દ્ર હતી. પછી ત્રણે ક્ષેત્રો મળીને બેબીલોનની રચના કરી એર્દ્ર નગર એક સમૃદ્ધશાળી પ્રમુખ બંદર હતું. જયાંથી ભારતની સાથે સીધો જળમાર્ગનો સંબંધ હતો. કાલાન્તરે નદીના પૂરના કારણે બંદર ભરાઈ ગયું અને તેનું મહત્વ ઓછું થઈ ગયું. વર્ષ ૬૦૦ ઈ.સં પહેલા બેબીલોનનો સમ્રાટ નેબૂચન્દ્ર નેઝર હતા. જે ભગવાન મહાવીરના સમકાલીન હતો. એ બહુજ શક્તિશાળી હતો, તેણે અનેક દેશો જીત્યા હતાં. મૈગસ્થનીજે આ વિષય પર લખેલ છે કે, "Nebuchad Nazzer King of Babylonia surpassed Herakles in courage and the greatness of his achivements."

તેનું Hanging Garden જગ પ્રસિદ્ધ છે. એના દ્વારા નિર્મિત એક અનોખો મહેલ હતો જ્યાં સિકંદરે પણ વસવાટ કરેલ છે. એ સમયે આ રાજ્ય એર્દ્રના નામથી ઓળખાતું હતું બેબીલોનના નામથી નહિ. કારણ કે ભારતની બહાર એ સમયે નેબુચન્દ્રનેઝરથી વધારે શક્તિશાળીનું રાજ નહોતું તેથી મગધપતિ શ્રેણિકના પુત્ર અભયકુમારે ભેટના રૂપમાં આર્દ્ર રાજકુમારને જિન પ્રતિમા મોકલી હતી, જેનાથી પ્રતિબોધ મેળવીને આર્દ્ર રાજકુમાર ભારત આવ્યો. પુત્રની શોધમાં નેબુચન્દ્રનેઝર પોતે ભારતના સૌરાષ્ટ્રના રસ્તેથી આવ્યા અને તેને ગિરનારની યાત્રા કરી. આ સંદર્ભે આર્દ્રરાજકુમારના વિષયમાં જૈન સાહિત્યિક સ્રોતો દ્વારા જે પ્રમાણ મળ્યું છે એના પર શોધ કરવી જોઈએ. Records shows that Mahavira had travelled extensively in India as far south to Krishna river Valley and had influenced with the religious Gospel not only various kingdomes within India but also the persian King Karusa and Prince Adraka-- Dr. Bhuvendra Kumar.

સાયરસના શિલાલેખોથી એ સ્પષ્ટ થાય છે કે બેબીલોનમાં મર્દુકની પૂજા અને બલિની પ્રથા નેબુચન્દ્રનેઝરે બંધ કરાવી હતી. પ્રારંભમાં તે આ મર્દુકના ભક્ત હતા પરંતુ પછી જૈન ધર્મ સ્વીકારી લીધેલ હતો. તેણે નવ ફૂટ ઉંચી અને નવ ફૂટ પહોળી સૂવર્ણ (સોના)ની પ્રતિમા બનાવરાવી તથા તેના સામે સિંહ તથા સર્પના બિંબ

બનાવડાવ્યા હતા.આજે આ મંદિરના અવશેષો બર્લિન અને કોન્સટેન્ટટીપોલ (Constantipole)ના મ્યુઝિયમમાં સુરક્ષિત છે. તેનો બાકી વધેલો ભાગ જે હતો તે પણ ત્યાં હયાત છે. તેમાં વૃષભ, ગેંડો, સુવર, સાપ, સિંહ, સમડી વગેરે કોતરેલા મળી આવે છે. જે જૈન તીર્થંકરોના પ્રતીક ચિહ્ન કે લાંછન છે. ઋષભદેવનું વૃષભ, ગેંડો શ્રી શ્રેયાંસનાથ, સુવર (ભૂંડ) શ્રી વિમલનાથ, સમડી શ્રી અનંતનાથ, સાપ શ્રી પાર્શ્વનાથ અને સિંહ શ્રી મહાવીર સ્વામીના પ્રતીક છે. તીર્થંકરોના આ લાંછન અથવા પ્રતીક પહેલા દીવાલો, સ્તંભો વગેરે પર બનાવવામાં આવતા હતા. કાળાન્તરે જ્યારે આ મૂર્તિઓની અન્યમતાનુસાર પૂજા થવા લાગી ત્યારે આ પ્રતીક મૂર્તિઓની નીચે ચિહ્ન તરીકે થવા લાગ્યા. બેબીલોનનું બાજ મંદિર ચૌદમાં તીર્થંકર શ્રી અનન્તનાથનું હોવું જોઈએ કારણ કે બાજ મંદિરની મૂર્તિઓ અન્ય કોઈ ધર્મને સંબંધીને ન હોઈ શકે. માર્શલના મત મુજબ તક્ષશિલાનો સ્તૂપ જેને ઈતિહાસકારો 'બે માથાવાળું બાજ મંદિર' "Shrine of the double Headed Eagle" કહે છે તે બેબીલોનના પ્રાચીન બાજ પ્રતીક સાથે મળતું આવે છે.

If the comparison drawn by Marshall between the edifice and those occurring on Jain Ayag patt from Mathura has anu real significance. The egal here may be recognised as either a formalised congnisance of the forteen Tirthankar Ananthnatha..." (P. C. Dasgupta).

ભૂમધ્યદેશોમાં ભારતીયોના અતિપ્રાચીન અવશેષોમાં એક શ્રમણીની મૂર્તિ છે જેના ડાબા ખભા પર ચાદર (કામળી) લટકતી હતી. ઈ.સ. પૂર્વે ૧૨૦૦ની એક કાંસાની ઋષભની મૂર્તિ અલાસિયા સાયપ્રસમાં મળી છે. ઋષભદેવની મૂર્તિઓ મલાશિયામાં ઈસબુકપુરમાં અને હિટ્ટી દેવતાઓમાં પ્રમુખ દેવતાઓના રૂપે મળી છે. ઋષભદેવ અને બીજા કેટલા જૈન તીર્થંકરોની મૂર્તિઓ બીજા દેશોમાં પણ મળી છે. ફ્રાંસના પેરિસ મ્યૂઝિયમમાં એક સુંદર કલાકૃતિની ઋષભદેવની પ્રતિમા મુકેલી છે. આ પ્રતિમા મથુરાના કંકાલી ટીલા ની પ્રાચીન મૂર્તિઓને સમાન છે.

મંગોલિયામાં સેંકડો વિહારો છે જેમાંથી ગાણ્ડ્ર: મુખ્ય વિહાર છે. આ વિહાર ના દ્વાર શંખ, ચક્ર અને મીન ના ચિત્રોથી શોભે છે. તથા બે સિંહ બનાવેલ છે. મુખ્ય દ્વાર પર ધર્મચક્ર અને મૃગ (હરણ) છે. આનાથી સ્પષ્ટ થાય છે. કે આ વિહાર પહેલા જૈન કેન્દ્ર હતું. શંખ, ચક્ર, મીન, સિંહ, મૃગ વગેરે જૈન પ્રતીકો છે. બૌદ્ધ નહિ. જ્યારે ઈતિહાસકારો ભારતમાં જ આવી ભૂલો કરી છે તો વિદેશોમાં આ એક સામાન્ય વાત ગણાવી શકાય. આજ મંદિરનું ત્રીજું ભવન એ ચંદન ભવન છે જેનો અર્થ ચંદનના પ્રભુ એવો થાય છે. એના છત્ર પર ધર્મચક્ર બનેલ છે. અહીંના પુસ્તકાલયમાં મુકવામાં આવેલ પટનું કપડું નવરત્નોથી બનેલ છે. જેમાં મધ્યમાં સ્વસ્તિક અને ચાર બીજા અષ્ટમંગલિક ચિહ્નો છે જે કેવળ જૈન પરંપરામાં પ્રાપ્ત થાય છે.

નાભિ રાજા તથા ઋષભદેવની માન્યતાના પ્રમાણ ઈસ્લામમાં પણ મળે છે. મુસલમાનોએ તેમને ઈશ્વરના દૂત સમાન નવા પૈગમ્બર માનવામાં આવે છે જે નાભિના જ રૂપાન્તર છે. હજરત મહંમદથી પૂર્વ આ આ ક્ષેત્રમાં જૈન તીર્થંકરોની ઉપાસના પ્રચલિત હતી. અતિ પ્રાચીનકાળથી જ મુસલમાનોના પવિત્ર ધાર્મિક સ્થળ 'મક્કા' અત્યંત પ્રસિદ્ધ ધાર્મિક ક્ષેત્ર માનવામાં આવે છે જ્યાં આવા વિશ્વના લોકો દર્શનાર્થે આવે છે. However no temple had the fame of Kaaba whose, Pre eminence was universally admitted મ્યૂર ના શબ્દોમાં A very high antiquity must be assigned to the main features of the religion of Mecca... Diodorus, secules, writing about half a century before our era, says of Arabic washed by the Red sea, there is in this country a temple greatly revered by teh Arabs, These words must refer to the Holy house of Mecca, for we know of no-other which eve commanded such universal homage... Tradition represents teh Kabah a from time imme-

morial the scence of Pilgrimage from all quarters of Arabic, from yeman and Hadhrmaut, from the shores of persian gulf, the desert of Syria and the distant nearly flocked to MEcca. So ectensive homage mus have have had its begining in an extremely remote age. *(મક્કાના પ્રાચીન)નામથી પણ એનું પ્રાચીન ઉપાસના સ્થળ હોવામાં કોઈ શંકા નથી રહેતી.* Most interesting is the Ancient name of Macca- Macorabi. The name is derived from 'Caraba' which in Balyloniaan means worship, bless, Pray. (History of Arab) *ઈસ્લામ ધર્મની શરૂઆત ૭મી સદીમાં હજરત મોહમંદ સાહેબ દ્વારા થઈ હતી. કાબા જે જૈન ધર્મનું મહાન તીર્થ માનવામાં આવે છે ત્યાં તીર્થંકરોની ૩૬૦ મૂર્તિઓ સ્થાપિત હતી. એવી માન્યતા છે કે ત્યાં જે ઋષભદેવની મૂર્તિ હતી તે સીરીયાથી લાવવામાં આવી હતી. આ ૩૬૦ મૂર્તિઓને, મોહંમદસાહેબે ખંડિત કરીને ચકનાચૂર કરી નાખી હતી.* When order had been restored in the city Mohammed himself at the temple. He went round the Kaaba seven times on his camel each time touching the secred stone with his staff, and then broke in pieces the idols 360 in number. which were place round the sanctuary. All this he had the doors of the temple thrown open cleans the house of the lord from all images (Historians History of Arabs.)

*કાબાના મહત્વને કુરાનમા પણ વર્ણવામાં આવ્યું છે. કાબાને ઈશ્વરનું પ્રથમ ઘર માનવમાં આવે છે. બ્રાહ્મણપુરાણો અને જૈન સાહિત્ય અનુસાર નાભિ રાજા તથા આદિ તીર્થંકર ઋષભદેવના સમયે અયોધ્યા નગરીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આજે જેટલા પણ ઈતિહાસિક પ્રમાણ કાબાની પ્રાચીનતાના મળે છે તેના થી શું એ સાબિત થાય છે કે મક્કાજ પ્રાચીન અયોધ્યા નગરીમાંની એક છે.* The Kaba is stated in the Quran to be the first house (of divine worship) appointed by men. In one place it is called At... Baital... Aliq (Ancient House)... Aall Available historical evidence uphold this claim. (The relegion of Islam by Maulana Mahummad Ali Pg. 383) *ઈસ્લામમાં મક્કાની તીર્થ યાત્રા જેને હજ કહેવામાં આવે છે. આ પરંપરા પ્રાચીન આદિ પરંપરાની દેણ છે. પ્રાયઃ આ જોવામાં આવ્યું છે કે પ્રત્યેક ધર્મ પોતાના પૂર્વે ચાલ્યા આવતા ધર્મ અથવા પરંપરાઓ થી કંઈક અવશ્ય લે છે આ પરિપ્રેક્ષ્યમાં આપણે આ કહી શકીએ કે આ હજયાત્રા જૈનોની છ'રી પાલિત તીર્થયાત્રાની પરંપરા જેવી જ છે.* The pilgrimage was borrowed from the ancient relegion with all the ceremonies which accompany it. although they have been modified in some respects and received touch of Islamism.

*જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવ, (આદિનાથ) વિશ્વની બધી સંસ્કૃતિઓ દ્વારા માન્ય તથા કોઈને કોઈ રૂપમાં ઉપાસ્ય છે. જૈન દર્શનમાં ૨૪ તીર્થંકર છે જેમાં પંચ કલ્યાણકોને તીર્થ સ્થાન માનવામાં આવે છે. ખાસ કરીને જન્મસ્થળ અને નિર્વાણ સ્થળ મોટા મોટા વિશાળ સ્તૂપો–ચૈત્યો વગેરેના નિર્માણ કરવામાં આવે છે. 'સ્વામી દયાનન્દ' પણ માનતા હતા કે મંદિરો અને મૂર્તિઓના નિર્માણ સૌથી પહેલા જૈનોએ શરૂ કરેલ છે. ભારતવર્ષમાં આજે જેટલાપણ મોટા મોટા જૈન તથા જૈનેતર તીર્થ છે, જેમ કે બદ્રીનાથ, કેદારનાથ, અમરનાથ, તિરૂપતિ, ઉડીસાના જગન્નાથ બધા આર્હત્ સંસ્કૃતિના પ્રતીક છે. ઐતિહાસિક અવલોકનથી આ સ્પષ્ટ થાય છે કે તીર્થંકર બધા ધર્માવલમ્બિઓ દ્વારા કોઈને કોઈ રૂપે પૂજવામાં આવતા હતા. આનું સૌથી મહત્વપૂર્ણ પ્રમાણ બૌદ્ધ દ્વારા આર્હત્ તીર્થંકરોને બુદ્ધના રૂપમાં પૂજવામાં આવે છે. સારનાથ સાંચી વગેરેના સ્તૂપો જૈન હોવા છતાં પણ બૌદ્ધ પરંપરામાં પણ માન્ય છે. આ શ્રેણીમાં કૈલાસ પર્વતના વિવરણ આવે છે. જે પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવનું નિર્વાણ સ્થળ છે. જયાંની યાત્રા દર વર્ષે અનેક યાત્રી કરે છે. આ ક્ષેત્ર શિવના નામ સાથે પણ જોડાયેલ છે. તિબ્બતી ભાષામાં શિવનોઅર્થ 'મુક્ત' થાય છે. આ માટે ભગવાન ઋષભદેવને પુરાણોમાં 'શિવ'ના નામથી ઉલ્લેખવામાં આવ્યા છે.*

**કૈલાસ પર્વતે રમ્યે વૃષભો યં જિનેશ્વર**

**ચકાર સ્વારતારં યઃ સર્વજ્ઞ સર્વગઃ શિવઃ**

(સ્કન્ધ પુરાણ કૌમારખં. અં. ૩૭)

કેવલજ્ઞાન દ્વારા સર્વવ્યાપી સર્વજ્ઞાતા, પરમકલ્યાણરૂપ શિવ, વૃષભ, ઋષભદેવ જિનેશ્વર મનોહર (કૈલાશ) અષ્ટાપદ પર્વત પર પધાર્યા છે. તિબેટી ભાષામાં લિંગનો અર્થ ક્ષેત્ર થાય છે.

**It may be mention that linga is a Tibetan word of land (S.K. Roy-Historic Indian and Ancient Wgypt, Pg. 28)**

તિબ્બતી લોકો (તિબેટના લોકો) આ પર્વતને પવિત્ર માનીને અતિ શ્રદ્ધાથી પૂજા કરે છે. તથા આ બુદ્ધના નિર્વાણક્ષેત્ર 'કાગરિક પૌચ' કહેવાય છે. અહીં બુદ્ધના અર્થ અર્હત્‌થી છે જે બુદ્ધ અર્થાત્ જ્ઞાની છે. શ્રી ઋષભદેવને માઘ કૃષ્ણા ત્રયોદશી(મહાવદ તેરશ)ની રાતે કૈલાશ પર્વત પર નિર્વાણ પ્રાપ્ત થયું છે. આજે પણ આ રાત્રે પ્રભુ ઋષભદેવના નિર્વાણ કલ્યાણકની પૂજા કે પ્રતીકનારૂપે **'મહાશિવરાત્રિ'** પર્વ તરીકે ઉજવવામાં આવે છે.

શિવલિંગનો અર્થ મુક્તક્ષેત્ર અર્થાત્ મોક્ષક્ષેત્ર થાય છે. શિવભક્તપણ લિંગ પૂજા કરતા હોય છે જે પ્રાચીનકાળમાં પણ પ્રચલિત હતી.

**In fact shiva and the worship of Linga and other features of Popular Hinduism were well established in India long before the aryans came (K. M. Pannekar- 'A survey of Indian History', Pg. 4)**

કલ્હણના 'રાજતંરગણિની'માં ગણપતિ અથવા ગણેશના અર્થ ગણોનાઅધ્યક્ષ બતાવે છે. ઋગ્વેદ (૨:૨૩:૧)માં પણ 'ગણનોંત્વા ગણપતિ' તરીકે ઉલ્લેખવામાં આવેલ છે. જૈનાગમોમાં ગણ અર્થાત્ મુનિઓના સમૂહ અને ગણનો નેતાને ગણધર કહેવામાં આવે છે. પ્રત્યેક તીર્થંકરના ગણધર હતા જે સૂંઢવાળા ગણેશ નહીં પરંતુ પૂર્ણ માનવ હતા.

મલાયા દેશનું નામ ભારતના 'મલયગિરિ' ક્ષેત્ર (પર્વત)થી પડ્યું. નીલગિરિથી કન્યાકુમારી સુધીનો પ્રદેશ મલયગિરિ કહેવાય છે. આ શ્રમણ શ્રેષ્ઠિઓ દ્વારા વ્યાપારીની સાથે સાથ શ્રમણ સંસ્કૃતિનો પ્રભાવ અને પ્રચાર તો થયો જ હતો આ આપણા દેશના નામ પણ ત્યાંના દેશો અને સ્થાનોમાં જોવા મળે છે. **They gave the name of there mountians to thw whole country - B.C. Law.** આ સંદર્ભમાં આ સ્પષ્ટ થાય છે કે જૈન વ્યાપારી બર્મા, સ્યામ, મલાયા, ચમ્પા વગેરે દેશોમાં વ્યાપાર કરવા જતા હતા. એમણે ત્યાં અનેક ઉપનિવેશ (ઘર) પણ બનાવ્યા હતા. ત્યાંની જગ્યાઓની ભારતીય સ્થાનોના નામોની સમાનતાથી એ આ સિદ્ધ થાય છે કે એમણે ત્યાંની સંસ્કૃતિનો પ્રાચીન ભારતીય શ્રમણ સંસ્કૃતિથી અભિન્ન સંબંધ રહેલો હતો. જે રીતે ભારતીય વ્યાપારી ત્યાં વેપાર માટે જતા હતાં તેમ ત્યાંના વેપારીઓ પણ ભારત વેપાર કરવા આવતા હતા. જૈન સાહિત્યમાં **નાયધમ્મકહાઓ** કથાનકમાં ચમ્પાનું વર્ણન છે જ્યાંથી વેપારી માલ લઈને સમુદ્રમાં બીજી જગ્યાઓ પર વેપાર કરવા જતા હતા. આ નિશ્ચિત છે કે ભાગલપુર સ્થિત ચમ્પા નહી પણ વિયતનામની ચમ્પા છે જે મેકોંગ નદીના કિનારે અને સમુદ્રની નજીક આવે છે. આ રીતે ત્યાંના નગરોમાં કાંપિલ્ય અને હસ્તિનાપુર તથા અયોધ્યા પણ છે જે અત્યન્ત પ્રાચીન છે જયારે ભારતના આ નગરો ભૌગોલિકરૂપથી એટલા પ્રાચીન નથી. જૈન તીર્થંકરોમાં પ્રથમ તથા છેલ્લા ત્રણ તીર્થંકરોના પ્રમાણ પણ ભારતમાં મળી આવે છે. જયારે બીજા તીર્થંકરોના પ્રમાણ મધ્યપૂર્વ એશિયા તથા દક્ષિણપૂર્વ એશિયામાં પ્રાપ્ત થાય છે. માત્ર જરૂર છે આના પર

શોધ કરતા રહેવાની. અંગકોરવાટના મંદિર જૈન મંદિર હતા. આ મંદિર થાઈ તથા બર્મી લોગો દ્વારા ૧૨મી સદીમાં ધ્વંસ કરી દેવાયા હતા. વાસ્તવમાં અહીં જે મૂર્તિઓ પદ્માસનમા તથા સાપફણામાં સુરક્ષિત છે તે બુદ્ધની ના હોઈ શકે પરંતુ ભગવાન પાર્શ્વનાથની છે. "According to Harisatya Mahacharya and other Archeologiests teh famous statues of so called naag Buddha are actually of Tirthankar Parsvanatha belonged to Nagg Dynasty. (Meru temple of AgkorJineshwar Das Jain."

"The existence of Angkorvat, Angkorthan along with many statures in Ardhapadmasana posture are a sufficient proof that these areas were dominated by srman culture and traditions. Since these areas were the birth place of many Tirthankaras, people from india used to visit these place as pilgrimage centre (Jineshwar Das Jain.) એ આપણે પહેલા જ કહી દીધું કે પ્રાક્‌વૈદિક યુગમાં દક્ષિણ, શ્રમણ સંસ્કૃતિના પ્રભાવશાળી ક્ષેત્ર હતા. શ્રીલંકામાં બુદ્ધ ધર્મની સાથે જૈન ધર્મ સ્થાપિત હતા આના પ્રમાણ પ્રાચીન બૌદ્ધ ગ્રન્થોથી મળી આવે છે.

જૈનાની તીર્થયાત્રા પરંપરા આદિકાલીન છે. જેના પ્રમાણ જૈન સાહિત્યમાં આપણને ભરપૂર જોવા મળી આવે છે. આજે પણ આ પરંપરા એજ રૂપમાં જોવા મળે છે. આ જૈન ધર્મની મહત્વપૂર્ણ વિશેષતા છે તથા એની પ્રાચીનતાના પ્રતીક પણ. આ યાત્રામાં જૈન શ્રાવકો દ્વારા જિનનિયમોનું અનુકરણ કરવામાં આવે છે. એજ નિયમો તથા વ્રતોના પાલન હજ યાત્રામાં પણ કરવામાં આવે છે. હજ યાત્રી એવાજ કપડા પહેરે છે જેવા જૈન સાધુ કે મુનિ પહેરતા હોયછે. કુરાનના ૪૬માં અધ્યાયમાં જિનસમ્પ્રદાયનું વર્ણન છે. મક્કાના ઈતિહાસમાં લખવામાં આવેલ છે કે નગ્ન સાધુ વર્ષમાં એક કે બે વાર અવશ્ય મક્કાની યાત્રા કરવા આવતા હતા.

આ રીતે આપણે જોઈએ છે કે જૈનધર્મ માત્ર ભારતમાં જ નહીં પરંતુ પૂરા વિશ્વમાં ફેલાયેલો છે. આનો પ્રભાવ વિશ્વની બધી સંસ્કૃતિઓ પર કોઈને કોઈ રીતે આજે પણ વિદ્યમાન થતા જોઈ શકાય છે. માત્ર જરૂર છે ત્યાંના પ્રાચીન ઈતિહાસને જોવાની આજે, જે શોધખોળ ચાલી રહી છે અને જે ઈતિહાસકાર આ શોધ કરી રહ્યા છે દુર્ભાગ્યવશ તે જૈન ધર્મથી અપરિચિત છે. વધારે પડતા વિદેશી ઈતિહાસકાર અજ્ઞાનવશ જૈનધર્મને બૌદ્ધ ધર્મના રૂપ માને છે. જેના અનેક પૂરાવા ઉપલબ્ધ છે. આ વિદેશી ઈતિહાસકારતો અજાણ હતા પણ ભારતીય ઈતિહાસકાર પૂર્વગ્રહી હતા ભારતીય હોવા છતાં ભારતની મૂળ સંસ્કૃતિને વણદેખ્યુ કર્યું, આર્ય જાતિની શ્રેષ્ઠતા સ્થાપિત કરવામાં પ્રાચીનતમ સંસ્કૃતિ વિલુપ્ત થઈ રહી છે જેને ગહન શોધ દ્વારા ફરી નજર સામે લાવવી જરૂરી બન્યું છે. આજે પણ જે બધા પ્રાચીન શીલાલેખ પૂરાવા ભારતમાં મળેલા છે. તે જૈનોના જ છે જે  અજમેર માં વડલી ની પાસે છે.

જૈન ધર્મ માત્ર ભારતનો નહી પરંતુ વિશ્વનો પ્રાચીનતમ અધ્યાત્મિક ધર્મ છે એની પ્રાચીનતાના સંબંધમાં ઘણા પૂરાવા અપાયા છે. હકીકતમાં જૈન ધર્મ વિશ્વની  આદિ સભ્યતાનો સ્રોત છે અને ભારતની સભ્યતા અને સંસ્કૃતિનું એક એવું અંગ છે કે જેને કાઢી નાખવાથી આપણી સંસ્કૃતિનું રૂપ એકાંગી અને વિકૃત થઈ જાય છે. આ નિર્વિવાદ છે કે આ ધર્મ, વિશ્વનો કે કોઈ ધર્મનો વિરોધમાં પ્રારમ્ભ થયો નથી કે રુપાન્તર થયેલો ધર્મ નથી આ આર્હત્ સંસ્કૃતિ અધ્યાત્મ પ્રધાન છે તથા વિશ્વને ભારતની દેણ છે. જે પ્રાગ્‌વૈદિકકાળથી વિશ્વએ અપનાવી  તથા વિશ્વના બધા દેશોમાં આનો પ્રચાર થયો. વેદો, સ્મૃતિઓ, પુરાણો અને ઉપનિષદોમાં પણ આ સંસ્કૃતિને સર્વોચ્ચ સ્થાન મળેલ છે. ૭મી સદી સુધી આર્હત્ સંસ્કૃતિ આખા વિશ્વમાં ફેલાયેલી હતી.

# ઉપયોગિતા

## પવિત્રતાનો માર્ગ

આવા આગવા અને વિશિષ્ટ જૈન ધર્મની ઉપયોગિતા જીવન અને વિશ્વના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. ઉત્તમ જીવનમાર્ગ કે ઉત્તમ જીવન પ્રણાલી માટે જૈન ધર્મ પ્રત્યેક પ્રાણી સમૂહને જીવન જીવવાનો અબાધિત અધિકાર આપે છે. તે સૂક્ષ્મ જીવ–જંતુની હિંસા કરવાની પણ ના પાડે છે. મનુષ્યને પૂર્ણતા પ્રાપ્ત કરવા કે વિચાર–વાણી અને વર્તનને વિશુદ્ધ કરવા જૈન ધર્મની વિચારધારા અને આચારસંહિતા સંપૂર્ણ મદદરૂપ બને છે.

## દિવ્યતાનો માર્ગ

જીવનમૂળમાં જ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યપાલન, અને અપરિગ્રહનો સચોટ અને સૂક્ષ્મ ઉપદેશ આપી જાય છે. તેમાં વ્યક્તિ, પરિવાર, દેશ અને વિશ્વ વ્યાપી પ્રેમનો આશય રહેલો છે. તેવી જ રીતે ધર્મ ગ્રંથોનો અભ્યાસ, દયા, કરુણા, ક્ષમા, અનાસક્તિ વગેરેના નિયમો સામાન્ય જનને ઉપદેશી, નિર્મળતા અને ઉદારતા પ્રગટાવવાનું કામ કરે છે. જેથી તે સદ્‌ગુણો દ્વારા માત્ર માનવતા જ નહિં પણ આગળ ઉપર મહાનતા, સાધુતા, દિવ્યતા અને પૂર્ણતા પ્રાપ્ત કરવાનો ધર્મભાવ રહેલો છે.

## શાશ્વતતાનો માર્ગ

આ ધર્મના ચુસ્ત નીતિ–નિયમો બહારથી કે ભોગ દૃષ્ટિવાળાને કઠોર કે કડક દેખાતા હોય છે તો પણ જૈનોની ગુરુસંસ્થા કે જૈનો ચુસ્તપણે  સ્વેચ્છાએ કર્મમુક્ત કે મોહમુક્ત થવા તેનું પાલન કરતા હોય છે, જેથી વિચાર વિશુદ્ધિ અને આચાર સંશુદ્ધિથી ધર્મના મૂળ સર્વત્ર જીવનમાં ઊંડા ઉતરેલાં જણાય છે. તેથી આ જૈન ધર્મનું સ્પષ્ટ ધ્યેય, સ્પષ્ટ દર્શન અને સ્પષ્ટ આચાર માર્ગ એ અનંતતા કે શાશ્વતા સાથે જોડાયેલો છે. એ જ જીવનના કે વિશ્વના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી છે.

jainuniversity.org